GJGS030002972026

દાખલ તારીખ : ૩૦/૦૫/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૩૦/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ : ૦૫/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

## ગીર સોમનાથ જિલ્લાના મ્હે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. ઉના, જી. ગીર સોમનાથ.

## ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦૫/૨૦૨૬

---

**અરજદારો:–** (૧) ભરતભાઇ ભીમજીભાઇ સોલંકી,
ઉ.વ.આ.૩૫, ધંધો:મજુરી,
રહે.ભાવનગર, બોડતળાવ, તા.જી.ભાવનગર,

(૨) જીવરાજભાઇ રમેશભાઇ સોલંકી,
ઉ.વ.આ.૩૦, ધંધો:મજુરી,
હાલ રહે.જામવાળા, તા.ગીરગઢડા,જી.ગીર સોમનાથ,
મુળ રહે.ભાવનગર, કરચલીયાપરા,તા.જી.ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** (૧) સ્ટેટ ઓફ ગુજરાત
તે મદદનીશ સરકારી વકીલશ્રી, ઉના

(૨) રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, જામવાળા.

---

**અરજદારો તરફે** **:–** વિ.વકીલશ્રી એમ.જી.નકવી
**સામાવાળાઓ તરફે** **:–** વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ

---

**વિષય :–** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી

---

**–:: આંક–૧ લગત હુકમ ::–**

**૧.** હાલની અરજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે અરજદારોએ **જામવાળા રેન્જ ગુના રજીસ્ટર નં.૦૯/૨૦૨૬–૨૭, વાઈલ્ડ લાઇફ પ્રોટેકશન એકટ ૧૯૭૨ ની કલમ–૨(૧૬), ૨(૨૦), ૨(૩૬), ૯, ૩૯, ૫૧, ૫૧(એ), ૫૨ તથા ૫૭** મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

**૨.** હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ જામીન અરજીની વિરૂદ્ધમાં આંક–૦૪ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે.

**૩.** અરજદારોના વિ.વ.શ્રી એમ.જી.નકવીની રજુઆત છે કે, અરજદારોએ વન ગુનાના પ્રથમ અહેવાલમાં કરેલા આક્ષેપો મુજબનો કોઇ ગુનો કરેલ નથી કે તેવી કોઇ પ્રવૃતિમાં સંડોવાયેલ નથી. અરજદારો તદન નિર્દોષ છે. આ કામમાં આક્ષેપીત વન્ય પ્રાણી શાહુડીનો શિકાર કરવામાં આવેલ નથી પરંતુ અજાણ્યા વાહનમાં સદર પ્રાણીનું અકસ્માત થતા તે મૃત્યુ પામેલ છે. જે અંગેનું સ્થાનીક જગ્યાનું પંચનામુ જંગલ ખાતા ધ્વારા કરવામાં આવેલ છે. અજાણ્યુ વાહન ડીટેકટ થઇ શકે તેમ ન હોય જેથી ફોરેસ્ટ ઓફીસરશ્રીએ પોતાની ફરજમાં રહેલ બેદરકારી છુપાવવાના હેતુથી અરજદારો સહિતના આરોપીઓ વિરુધ્ધ સદર પ્રાણીના શિકારની જુઠી વાર્તા ઘડી કાઢેલી છે. સદર પ્રાણીના અવશેષો અકસ્માત વાળા સ્થળ પરથી મળી આવેલા છે.

**૩.૧** આ કામમાં સદર વન્ય પ્રાણી શેડયુલ–૧ નું પ્રાણી નથી, પરંતુ શેડયુલ–૪ નું પ્રાણી છે પરંતુ ફોરેસ્ટ ઓફીસરશ્રીએ વન્ય પ્રાણી અધિનીયમના કહેવાતા ગુનાની ગંભીરતા બતાવવા માટે ઈરાદાપુર્વક સદર વન્ય પ્રાણીને શેડયુલ–૧ ના પ્રાણી તરીકે ઉલ્લેખ કરેલ છે. તે રીતે સામાવાળા નં.૨ નાએ નામદાર ટ્રાયલ અદાલતમાં અરજદારોને જામીન ન મળે તે હેતુથી ખોટી રજુઆત કરેલી છે. આ કામમાં સદર વન્ય પ્રાણીના કિસ્સામાં વધુમાં વધુ સજાની જોગવાઈ ત્રણ વર્ષની તથા રૂા.૧,૦૦,૦૦૦/– નો દંડ છે. તે રીતે જોતા બી.એન.એસ.એસ. ના ફસ્ટ શેડયુલ ના પાર્ટ–૨ મુજબ સદર કહેવાતો ગુનો જામીનને પાત્ર છે પરંતુ ફોરેસ્ટ ઓફીસરશ્રીએ સદર હકીકત નામદાર જયુડી.મેજી.શ્રી સમક્ષ ઈરાદાપુર્વક ગુપ્ત રાખી સદર વન્ય પ્રાણી શેડયુલ–૧ નું પ્રાણી હોવાની ખોટી રજુઆત કરતા નામદાર જયુડી.મેજી.શ્રીએ અરજદારોની જામીન અરજી રદ કરેલી છે.

**૩.૨** વન્ય પ્રાણી અધિનીયમના શેડયુલ–૧ ના પ્રાણીના કિસ્સામાં પણ ઓછામાં ઓછી ત્રણ વર્ષની અને વધુમાં વધુ સાત વર્ષની સજાની જોગવાઈ છે. એ રીતે વન્ય પ્રાણી અધિનીયમ મુજબના ગુના સાત વર્ષ કરતા ઓછી સજાને પાત્ર છે તેવા સંજોગોમાં આ અધિનીયમ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ની કલમ–૩૫(૧), (બી)(I)(II), (a) to (e) ના કિસ્સામાં જ આરોપીની ધરપકડ કરવાની રહે છે અને તે કહેવાતી ધરપકડ માટેના સ્પષ્ટ કારણો જણાવવાના રહે છે પરંતુ આ કિસ્સામાં સૌપ્રથમ તો કહેવાતો ગુનો સાત વર્ષની સજાને પાત્ર નથી, જામીનપાત્ર ગુનો છે. ત્યારે અરજદારોને બી.એન.એસ.એસ. ની કલમ–૩૫(૩) મુજબ નોટીસ કરી હાજર થવા જાણ કરવી જોઈતી હતી પરંતુ ફોરેસ્ટ ઓફીસરશ્રીએ તે મુજબની કોઈ નોટીસ હાલના અરજદારોને કરેલી નથી. તે રીતે ફોરેસ્ટ ઓફીસરશ્રીએ નામદાર સર્વોચ્ચ અદાલતના વિહાનકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણાના કેસમાં નકકી થયેલ સિધ્ધાંતનો ભંગ કરેલ છે.

**3.3** આ કામમાં અરજદારો સહિતના આરોપીની ફોરેસ્ટ ઓફીસરશ્રીએ ધરપકડ કરેલ છે પરંતુ ધરપકડ કરવાના કોઈ કારણોની જાણ અરજદારોને કરેલ નથી. તે રીતે પણ ભારતીય બંધારણના અનુચ્છેદ–૨૨(૧) મુજબના અરજદારોના કાયદાકીય હકકોનો ભંગ કરેલ છે. આ કામમાં વન ગુનાનો પ્રથમ અહેવાલ ભાખા–૨ બીટના ફોરેસ્ટ ગાર્ડ ધ્વારા આપેલ છે અને તેના આધારે કહેવાતો ગુનો નોંધવામાં આવેલ છે. તે રીતે આ કામની કહેવાતી ફરીયાદના ફરીયાદી ફોરેસ્ટ ગાર્ડ છે. ફોરેસ્ટ ગાર્ડને વન્ય પ્રાણી અધિનીયમ મુજબ ફરીયાદ કરવા માટેનો કોઇ કાયદાકીય અધિકાર નથી. ત્યારે પણ આ કામના વન ગુનાના પ્રથમ અહેવાલનો વન્ય પ્રાણી અધિનીયમની કલમ–૫૫ મુજબ કોગ્નીઝન્સ લઇ શકાય નહી તે માટે કાયદાકીય પ્રતિબંધ છે.

**3.૪** વન્ય પ્રાણી અધિનીયમના કહેવાતા ગુના માટે ફરીયાદ કરવા કઇ ઓથોરીટી અધિકૃત છે તેની સ્પષ્ટતા કલમ–૫૫ માં કરવામાં આવી છે. ફોરેસ્ટ ગાર્ડ સદર જોગવાઇમાં જણાવ્યા મુજબના કોઇ ઓથોરાઇઝડ અધિકારી નથી ત્યારે અરજદારો સહિતના આરોપીઓ વિરુધ્ધની હાલની આ કહેવાતી ફરીયાદ ધ્યાને લેવા પાત્ર નથી. વન્ય પ્રાણી અધિનીયમના કામે ફરીયાદ અંગેની કોઇ વ્યાખ્યા આપવામાં આવી નથી માટે સદર ફરીયાદના સંદર્ભમાં બી.એન.એસ.એસ. ની કલમ–૨(૧)(એચ) ને ધ્યાને લેવાની રહે છે અને તે જોગવાઇ મુજબ વન્ય પ્રાણી અધિનીયમની કલમ–૫૫ મુજબ કોગ્નીઝન્સ લેવા માટે તે જોગવાઇમાં જણાવેલ અધિકારીશ્રીએ ફરીયાદ કરવાની હોય છે પરંતુ આ કહેવાતા ગુના માટેની કલમ–૫૫ માં જણાવેલ અધિકારીની કોઇ ફરીયાદ નથી ત્યારે પણ હાલના અરજદારો સહિતના આરોપીઓની આ કહેવાતા ગુનાના કામે થયેલી ધરપકડ તદન ગેરકાયદેસર અને બિનઅધિકૃત છે. તેમજ નામદાર વડી અદાલતે મનીષ ભુપેન્દ્રભાઇ પાનવાલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં વન્ય અધિનીયમની

કલમ–૫૫ મુજબના અધિકૃત અધિકારી ધ્વારા ફરીયાદ ન હોય તેવા કિસ્સામાં કહેવાતા વન ગુનાના પ્રથમ અહેવાલના રીપોર્ટ આધારે કોગ્નીઝન્સ લઈ શકાતુ નથી તે માટે કાયદાકીય પ્રતિબંધ છે તેવુ ઠરાવેલ છે. સદર ચુકાદા મુજબ આ કહેવાતા વન ગુનાના પ્રથમ અહેવાલને ફરીયાદ ગણી શકાતી નથી.

**૩.૫** આ કામના કહેવાતા ગુનાની ફરીયાદ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ ચાલવાને પાત્ર છે તેમજ સજાની જોગવાઈ વધુમાં વધુ ત્રણ વર્ષ તથા દંડ છે. અરજદારો વિરુધ્ધ આ પ્રથમ આક્ષેપીત ફરીયાદ છે. અગાઉ આ જ પ્રકારના કહેવાતા ગુના કે અન્ય કોઈ ગુનાની અરજદારો વિરુધ્ધ ફરીયાદ નથી. અરજદારોનો ભુતકાળ સ્વચ્છ છે. આ કામમાં કેસ ચાલતા સમય લાગે તેમ છે. અરજદારોની તપાસના કામે હવે કોઈ જરુરીયાત નથી. અરજદારો કુટુંબ કબીલા વાળા છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેમજ કુટુંબના ભરણપોષણની જવાબદારી અરજદારો ઉપર છે. આ કામના અરજદારો સામેનો રોલ માત્ર તેઓ ઘાયલ થયેલ શાહુડીને લેવા માટે ગયેલ હોવાનો મર્યાદિત રોલ છે. વધુમાં આરોપીઓ ટ્રાયલ વખતે નિયમીત હાજર રહે તેવી ખાતરી આપતા હોય અરજદારોને જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે. વધુમાં, અરજદારોના વિ.વ.શ્રીએ (૧) Hon’ble Gujarat High Court 2025(0) AIJEL-HC 251506 Manish Bhupendrabhai Panwala Vs. State of Guajrat તથા (૨) Hon’ble Bombay High Court 2004 Legal Eagle (Bom. HC) 1533 Subhash Choudhary Vs. Deepak Jyala & Ors. ના ચુકાદા પર આધાર રાખેલ છે જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**૪.** સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, હાલના અરજદારોએ અન્ય આરોપી સાથે મળી એકસંપ થઈ એકબીજાની મદદગારીથી શેડયુલ–૧ ના વન્ય પ્રાણી

શાહુડીના માંસને રાંધી ખાવાની લાલચમાં શાહુડીને જંગલ માંથી લાવી, મારી, કાપી, રાંધી ખાવા અંગેનો ગુનો આચરેલ છે. તેમજ તપાસ દરમ્યાન હાલના અરજદારો તથા અન્ય આરોપીને શાહુડીને કાપી રાંધતા રંગે હાથે નજરે જોવા મળેલ છે. વધુમાં, રજુઆત છે કે અરજદારોએ આવા પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ભુતકાળમાં ગુનાઓ આચરેલ છે પરંતુ શિકાર થનાર/મરણ જનાર વન્ય પ્રાણી મુંગા હોય જેથી ગુનો જાહેર થયેલ નથી.

**૪.૧** સદર ગુનો શેડયુલ–૧ ના વન્ય પ્રાણીના શિકારનો કોગ્નીઝેબલ ગુનો છે. આરોપી ગીર અભ્યારણ જંગલ બોર્ડર વિસ્તારમાં જંગલ વચ્ચે આવેલ માલીકી જમીનમાં આંબાઓ રાખી રાત દિવસ જંગલમાં રહે છે અને વન્ય પ્રાણીની દૈનીક અવરજવર, લોકેશન અને હાજરી બાબતે બહોળો અનુભવ ધરાવે છે અને મુંગા વન્ય જીવોના શિકાર જેવી ગંભીર ગુનાહિત પ્રવૃતિ કરતા રંગે હાથે પકડાયેલ છે. જો આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો આવા ગુનાઓને પ્રોત્સાહન મળશે અને બીજા વન્યપ્રાણીઓના જીવ પણ જોખમમાં મુકાશે. સદર ગુનાની તપાસ ચાલુ છે અને નાજુક તબકકામાં ચાલી રહી છે. આવી પ્રવૃતિમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની તપાસ બાકી છે. બનાવવાળી જગ્યા આરોપીઓના કબજા વાળી છે. આરોપીને જામીન આપવામાં આવશે તો પુરાવાનો નાશ તથા નુકશાન કરે તેમ છે.

**૪.૨** અરજદાર/આરોપીઓએ વન્ય પ્રાણીનો શિકાર માંસ રાંધી ખાવા માટે કરેલ છે જેથી સદર કાયદાની કલમ–૫૧(એ) મુજબ આવા રીઢા ગુનેગારોના જામીન બાબતે સ્પેશ્યલ જોગવાઇ છે જેથી અન્ય કોઇ કાયદાને કે કાયદાના જામીન આપવા સંબંધીત જોગવાઇઓ આ સ્પેશ્યલ એકટને લાગુ પડે નહી. આરોપીઓ પાસેથી વન્યપ્રાણીની ટ્રોફી મળી આવેલ છે જેને સરકારી પંચોની હાજરીમાં ધોરણસર કબજે કરેલ છે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ–૯ નો

ભંગ બીનજામીન પાત્ર ગુનો હોય પ્રથમદ્રષ્ટિએ જ જામીન અરજી રદ થવા પાત્ર છે. ગીર અભ્યારણમાં મોટા પ્રમાણમાં વન્યજીવ સૃષ્ટિ વસવાટ કરે છે અને તે વન્ય પ્રાણીઓનું નિવાસ સ્થાન છે અને મુકત વિચરણ માટેનો વિસ્તાર છે. આ વિસ્તારને સુરક્ષીત રાખવો આવશ્યક હોય તેમજ આવી ગુનાહિત પ્રવૃતિઓ થતી અટકે અને વન્યજીવોના શિકારો થતા અટકે અને આવી ગેરકાયદેસર પ્રવૃતિઓનું પુનરાવર્તન ન થાય તે હુથી બનાવની સંવેદનશીલતાને ધ્યાને રાખી આરોપીઓની જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં, શ્રી સરકાર તરફે વિ.પ્રોસીકયુટરશ્રી નાઓએ વન્ય પ્રાણીઓના શિકાર/વ્યાપાર બાબતે Supreme Court Criminal Appeal No.2024 of 2010 (Arising out of Special Leave petition (Cri.) No.5599 of 2009) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પર આધાર રાખેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**૫.** અરજી, તેની સાથે સામેલ દસ્તાવેજી આધારો તેમજ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લેતા આરોપીઓ સામે જામવાળા રક્ષીત જંગલ વિસ્તારમાં માંસ ખાવાના ઈરાદાથી શાહુડી (Indian porcupine) નો શિકાર કરેલાનો આક્ષેપ છે. બચાવપક્ષ તરફે એવી રજુઆત છે કે શિકાર કરવામાં આવેલ શાહુડી કાયદાના શીડયુલ–૪ માં આવે છે જેની મહતમ સજાની જોગવાઈ ૩ વર્ષ સુધીની છે અને તે ફોજદારી કાર્યરીતી સંહિતાના શીડયુલ–૨ મુજબ જામીન લાયક ગુનો થાય છે પરંતુ વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટમાં સને ૨૦૨૨ માં સુધારો આવેલ છે અને તે સુધારા મુજબ શાહુડી (Indian porcupine) ને શીડયુલ–૧ માં સામેલ કરવામાં આવેલ છે, જેની સજાની જોગવાઈ વધુમાં વધુ સાત વર્ષ સુધીની છે. નિર્વીવાદપણે આક્ષેપીત બનાવ જામવાળા રક્ષીત જંગલ વિસ્તારમાં બનેલો છે અને તેથી પણ કાયદાની કલમ–૫૧(૧) ના પ્રબંધક હેઠળ આક્ષેપીત ગુનો પડે છે.

૬. વધુમાં, બચાવપક્ષે એવી રજુઆત છે કે આ કામે ફરીયાદપક્ષે જે એફ.ઓ.આર. (પ્રથમ ગુના રીપોર્ટ) રજુ કરેલ છે તેના આધારે કોગ્નીઝન્સ લઇ શકાય નહી અને તેથી પ્રથમ ગુના રીપોર્ટ ગ્રાહય રાખવા પાત્ર ન હોય આરોપીઓની અટક ગેરકાયદેસર ગણાય પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવી ઘટે કે જામીન અરજીના તબકકે ગુનાનું સંજ્ઞાન લેવાનું નથી પરંતુ તે કાર્યવાહી અધિકૃત અધિકારી ધ્વારા વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ તપાસના તબકકે ફરીયાદ દાખલ કરવામાં આવે ત્યારે સંજ્ઞાન લેવાનો પ્રશ્ન ઉપસ્થીત થાય છે અને તેથી સદર દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી. વધુમાં, બચાવપક્ષે એવી રજુઆત છે કે શાહુડીનો શીડયુલ–૧ માં સમાવેશ થતો હોવાનું માની લેવામાં આવે તો પણ વધુમાં વધુ સજાની જોગવાઇ સાત વર્ષની છે અને તેથી નામદાર સુપ્રિમ કોર્ટના અર્નેશકુમાર વિરુધ્ધ બીહાર રાજયના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫(૩) મુજબની નોટીસ આરોપીઓને આપવી જોઇએ જે આપવામાં આવેલ નથી અને તેથી પણ આરોપીઓની અટક ગેરકાયદેસર છે પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવી ઘટે કે ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓને રેડ હેન્ડેડ પકડેલા છે અને આક્ષેપીત ગુનો ફોરેસ્ટ અધિકારીની હાજરીમાં બનવા પામેલ છે. તેમજ આરોપીઓને કોર્ટમાં રજુ કર્યા ત્યારે વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ આરોપીઓને અટક કરવાના કારણો દર્શાવવામાં આવેલ છે અને વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓની કસ્ટડી ઓથોરાઇઝડ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે તેથી સદર દલીલ પણ આ તબકકે ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી.

૭. વધુમાં, બચાવપક્ષે એવી રજુઆત છે કે નામદાર સુપ્રિમ કોર્ટના વિહાનકુમાર વિરુધ્ધ હરીયાણા રાજયના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીઓને લેખીતમાં તેમની અટકના કારણો જણાવવા જોઇશે જે કાર્યવાહી હાથ પરના કેસમાં કરવામાં આવેલ

નથી પરંતુ ઉપલબ્ધ પોલીસ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો ફોરેસ્ટ અધિકારીએ આ મુજબની કાર્યવાહીનું સંપુર્ણ પાલન કરેલ હોય તેમ જણાઇ આવે છે અને તેથી સદર દલીલ પણ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

૮. વધુમાં, બચાવપક્ષની રજુઆત મુજબ ફોરેસ્ટ ગાર્ડ આવી ફરીયાદ કરી શકે નહી અને તેમ છતાં પ્રથમ ગુના રીપોર્ટ ફોરેસ્ટ ગાર્ડ ધ્વારા નોંધવામાં આવેલ છે પરંતુ અગાઉ ચર્ચા થયેલ છે તે મુજબ આ તબકકે ભારતીય કાર્યરીતી સંહિતાની કલમ–૨(ડી) મુજબ ફરીયાદ નોંધવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી પરંતુ પ્રથમ ગુના રીપોર્ટ ધ્વારા કાયદાની કાર્યવાહીને ગતિમાં મુકવામાં આવેલ છે અને તપાસ પુર્ણ થયા બાદ ફરીયાદ દાખલ થવાનો પ્રશ્ન ઉપસ્થીત થાય છે અને તેથી પણ સદર દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

૯. આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેતા વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજા થઇ શકે તેમ છે પરંતુ આક્ષેપિત ગુનો જામવાળા રક્ષીત જંગલ વિસ્તારમાં બનેલો છે અને જે વન્ય પ્રાણીનો શિકાર કરવાનો આક્ષેપ છે તે વન્ય પ્રાણી વન્ય જીવન સંરક્ષણના કાયદાના શીડયુલ–૧ માં પડે છે. આમ, આક્ષેપીત ગુનો ખુબ જ ગંભીર પ્રકારનો છે. નિર્વીવાદપણે કુલ–૩ આરોપીઓ પૈકી ૨ આરોપીઓ મૃત અથવા તો ઘાયલ થયેલ શાહુડીનું માંસ ખાવાના ઈરાદાથી તેને લેવા માટે ગયેલાના આક્ષેપો છે પરંતુ કાયદાની કલમ–૫૨ વંચાણે લેવામાં આવે તો મદદગારીની પણ સમાન સજા છે. આ કામના આરોપીઓ તાજેતરમાં જ અટક થયેલ છે અને તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામુ ધ્યાને લેવામાં આવે તો તપાસની કાર્યવાહી ચાલી રહેલી છે અને ખુબ નાજુક તબકકામાં છે. તપાસના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓના ફોરેસ્ટ અધિકારી સમક્ષના નિવેદનો લેવામાં આવેલ છે જે નિવેદનો પણ

કાયદાની કલમ–૫૦(૮) મુજબ ગ્રાહય છે. આમ, આક્ષેપીત ગુનો ખુબ જ ગંભીર પ્રકારનો છે તેમજ અગાઉ થયેલ ચર્ચા મુજબ તપાસ નાજુક તબકકામાં છે અને તેથી આ તબકકે કેસના ગુણદોષની વિશેષ ચર્ચા નહી કરતા આરોપીને જામીન મુકત કરવા યોગ્ય જણાતુ નથી. બચાવપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ જજમેન્ટસ આ કોર્ટ ધ્વારા માનસહ વંચાણે લેવામાં આવેલ છે પરંતુ આ જજમેન્ટસના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અંગેની ચર્ચા ઉપરની ચર્ચા દરમ્યાન વણી લેવામાં આવેલ હોય અત્રે વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા હાલની અરજી નામંજુર કરતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: આખરી હુકમ ::**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયેની હાલના અરજદારોની રેગ્યુલર જામીન અરજી "**નામંજુર**" યાને કે **રદ** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૦૫ મી માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૬/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(એસ.એમ.ગોવાણી)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૯૧૮.